# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત. - ૩૯૫૦૦૧

☏:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com


જા.નં./મા-૩/જૂની પે.યો./૨૦૨૬/ 9780 તા.13-૦૭-૨૦૨૬.

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(સંબંધિત)

સુરત. જિ.સુરત.

**<u>વિષય</u>** :- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્ય અને જૂના શિક્ષકોના સેવા જોડાણ અન્વયે જૂની પેન્શન યોજનામાં સમાવવાનીદરખાસ્ત અત્રેની કચેરીએ રજૂ કરવા બાબત.

**સંદર્ભ** :- (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮-૧૧-૨૦૨૪.

(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી તા.૧૬-૦૪-૨૦૨૫.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: જા.નં./મા-૩/જુની પે.યો./૨૦૨૬/૭૯૬૧,તા.- ૧૨/૦૬/૨૦૨૬

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:DEOSURAT/000૭/૦૭/૨૦૨૬,તા.- ૧૦/૦૭/૨૦૨૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભપત્ર(૧) ઠરાવ મુજબની પાત્રતા ધરાવતા કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા સંદર્ભપત્ર(૨)ના ઠરાવથી નાણાં વિભાગ દ્વારા વિગતવાર સુચનાઓ આપેલ છે. ખાતાના વડાની કચેરી કક્ષાએથી જૂ.પે.યો.માં સમાવવાના હુકમો કરવાની સ્પષ્ટતા થઇ આવતા રાજ્યમાં એકસૂત્રતા જળવાઈ રહે તે હેતુ નિયત થયેલ ચેકલિસ્ટ તથા સુચના મુજબ આધારો સાથે દરખાસ્ત તૈયાર કરવા જણાવેલ. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ કેમ્પનું આયોજન કરી જૂની પેન્શન યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા કર્મચારીઓની દરખાસ્ત ફાઈલો મંગાવવામાં આવેલ તેમજ તેઓના જુની પેન્શન યોજનામાં સમાવવા અંગેના આદેશો પણ થઇ ગયેલ છે.

ઉપરોક્ત સંદર્ભપત્ર(૪) મુજબ અત્રેના જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી અને જુના શિક્ષકના સેવા જોડાણ અંગેનો આદેશ થઈ ગયેલ છે. તેવા કર્મચારીઓના જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેની દરખાસ્ત ઉપરોક્ત સંદર્ભપત્ર (૩)મા દર્શાવેલ ચેકલીસ્ટ-૩ મુજબની આધારોસહ અંગેની દરખાસ્તો **<u>અત્રેની કચેરીએ તારીખ:- ૧૫/૦૭/૨૦૨૬(બુધવાર) અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ના સમયગાળા દરમિયાન રજૂ કરવા</u>** જણાવવામાં આવે છે. દરખાસ્ત તૈયાર કરતી વખતે અને અત્રેની કચેરીએ રજૂ કરતી વખતે નીચે મુજબની સુચના ધ્યાને લેવાની રહેશે.

રજૂ કરવાની થતી દરખાસ્તો તૈયાર કરવા અંગેની જરૂરી સુચનાઓ તથા કર્મચારીવાઇઝ દરખાસ્ત તૈયાર કરવા માટેના ચેકલિસ્ટના નમુના આ સાથે બિડાણમાં સામેલ છે. જે ધ્યાને લઇ આપની કક્ષાએથી સંદર્ભપત્ર(૧) અને (૨) મુજબના ઠરાવની જોગવાઈઓ મુજબ નિયમોનુસાર પાત્રતા ધરાવતા કર્મચારીઓની તમામ વિગતોની દરખાસ્ત આપની કક્ષાએથી તૈયાર કરી સંપૂર્ણ ચકાસણી કરી દરખાસ્તો ૨ (બે) ફાઈલોમાં <u>અત્રેની કચેરીએ</u> રજૂ કરવા જણાવવામાં આવે છે.

<u>નોંધ:</u> જે શાળા દ્વારા ઉપરોક્ત સમય મર્યાદામાં દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે અને જેના લીધે જો ભવિષ્યમાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રી તેમજ મંડળની રહેશે.

<u>બિડાણ</u> : ચેકલીસ્ટ-03, પરિશિષ્ટ-૧, સૂચનાઓ અને સેવા જોડાણનો આદેશ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત. - ૩૯૫૦૦૧

ફ:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com


જા.નં./મા-૩/જૂની પે.યો./૨૦૨૬/ 7-76) તા/2-06-૨૦૨૬.

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(સંબંધિત)
સુરત. જિ.સુરત.

**વિષય** :- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્ય અને જૂના શિક્ષકોના સેવા જોડાણ અન્વયે જૂની પેન્શન યોજનામાં સમાવવાની દરખાસ્ત કેમ્પમાં રજૂ કરવા બાબત.

**સંદર્ભ** :- (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮-૧૧-૨૦૨૪.
(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી તા.૧૬-૦૪-૨૦૨૫.
(૩) કમિશનરશ્રી શાળાઓની કચેરીનાં પત્ર નં.COS/0161/06/2026, DT-06-06-2026.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભપત્ર(૧) ઠરાવ મુજબની પાત્રતા ધરાવતા કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા સંદર્ભપત્ર(૨)ના ઠરાવથી નાણાં વિભાગ દ્વારા વિગતવાર સુચનાઓ આપેલ છે. ખાતાના વડાની કચેરી કક્ષાએથી જૂ.પે.યો.માં સમાવવાના હુકમો કરવાની સ્પષ્ટતા થઇ આવતા રાજ્યમાં એકસૂત્રતા જળવાઈ રહે તે હેતુ નિયત થયેલ ચેકલિસ્ટ તથા સુચના મુજબ આધારો સાથે દરખાસ્ત તૈયાર કરવા જણાવેલ. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ કેમ્પનું આયોજન કરી જૂની પેન્શન યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા કર્મચારીઓની દરખાસ્ત ફાઈલો મંગાવવામાં આવેલ તેમજ તેઓના જુની પેન્શન યોજનામાં સમાવવા અંગેના આદેશો પણ થઇ ગયેલ છે.

સંદર્ભ-૩થી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી અને જુના શિક્ષકના સેવા જોડાણની પૂર્તતાની દરખાસ્ત ફાઈલ તથા જુની પેન્શન યોજનામાં સમાવવા બાબતની દરખાસ્તો વડી કચેરી દ્વારા મંગાવામાં આવેલ છે. જેથી અત્રેના જિલ્લાના બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી અને જુના શિક્ષકના સેવા જોડાણ અંગેનો આદેશ થઈ ગયેલ છે. તેવા કર્મચારીઓના જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેના ચેકલીસ્ટ-૩ મુજબની આધારોસહ અંગેની દરખાસ્તો નીચે મુજબના સ્થળ, તારીખ અને સમયે કેમ્પમાં રજૂ કરવા જણાવવામાં આવે છે. દરખાસ્ત તૈયાર કરતી વખતે અને કેમ્પમાં હાજર રહેતી વખતે નીચે મુજબની સુચના ધ્યાને લેવાનું રહેશે.

કેમ્પ દરમિયાન રજૂ કરવાની થતી દરખાસ્તો તૈયાર કરવા અંગેની જરૂરી સુચનાઓ તથા કર્મચારીવાઇઝ દરખાસ્ત તૈયાર કરવા માટેના ચેકલિસ્ટના નમુના આ સાથે બિડાણમાં સામેલ છે. જે ધ્યાને લઈ આપની કક્ષાએથી સંદર્ભપત્ર(૧) અને (૨) મુજબના ઠરાવની જોગવાઈઓ મુજબ નિયમોનુસાર પાત્રતા ધરાવતા કર્મચારીઓની તમામ વિગતોની દરખાસ્ત આપની કક્ષાએથી તૈયાર કરી સંપૂર્ણ ચકાસણી કરી દરખાસ્તો ૨ (બે) ફાઈલોમાં કેમ્પમાં રજૂ કરવા જણાવવામાં આવે છે.

**તારીખ:-** ૧૫/૦૬/૨૦૨૬ને સોમવાર
**સમય:-** ૧૦.૩૦ થી ૩.૦૦ કલાક સુધી
**સ્થળ:-** લૂર્ડઝ કોન્વેન્ટ હાઈસ્કૂલ, અઠવાલાઇન્સ, સુરત

**બિડાણ** : ચેકલીસ્ટ-૦૩, પરિશિષ્ટ-૧, સૂચનાઓ અને સેવા જોડાણનો આદેશ.

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

**નકલ રવાના જરૂરી વ્યવસ્થા સારૂ:-**

- પ્રતિ, આચાર્યશ્રી, લૂર્ડઝ કોન્વેન્ટ હાઈસ્કૂલ, અઠવાલાઇન્સ, સુરત.

# બિન સરકારી અનુદાનિત શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેનું કર્મચારીવાઈઝ

## ચેકલિસ્ટ-૩

(નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈ ૧(ક)(૨) લાગુ પડતી હોય માત્ર તેવા કિસ્સા માટે)

જિ.શિ.અ. કચેરી : .................................. પરિશિષ્ટ-૧ ની યાદી મુજબ ક્રમ નંબર : ...........

| ક્રમ | વિગત | જવાબ | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું પુરૂ નામ અને હોદ્દો | | |
| ૨ | કર્મચારી દ્વારા નિયત સમયમર્યાદામાં જૂની પેન્શન યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ રજૂ કરેલ છે કે કેમ ? (હા/ના) જો 'હા' તો વિકલ્પ રજૂ કર્યા તારીખ | | |
| ૩ | કર્મચારીનો એમ્પલોયમેન્ટ નંબર | | |
| ૪ | જન્મ તારીખ | | |
| ૫ | ખરેખર (મૂળ) નિવૃતિ તારીખ | | |
| ૬ | સત્રાંત નિવૃતિ તારીખ | | |
| ૭ | હાલની શાળાનું નામ અને સરનામું | | |
| ૮ | હાલની શાળાનો વિભાગ (માધ્યમિક/ઉ.મા.) | | |
| ૯ | હાલની શાળાનો ડી.પી. કોડ નંબર | | |
| ૧૦ | મૂળ/પ્રથમ શાળાનું નામ અને સરનામું | | |
| ૧૧ | પ્રથમ નિમણુંકની એન.ઓ.સી. આપ્યા તારીખ | | |
| ૧૨ | પ્રથમ નિમણુંકની કામચલાઉ બહાલી આપ્યા તારીખ | | |
| ૧૩ | પ્રથમ નિમણુંક તારીખ | | |
| ૧૪ | કાયમી બહાલી મળ્યા તારીખ | | |
| ૧૫ | નિયમિત નિમણુંક/પુરા પગારમાં સમાવ્યા તારીખ | | |
| ૧૬ | NPS PRAN NO.(12 Digit) | | |
| ૧૭ | NPS PPAN NO.(16 Digit) | | |
| ૧૮ | પ્રથમ સેવામાંથી ફરજ મુકત થઈ /ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણુંક પામેલ હોય તો તેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવા અંગેના હુકમની વિગત | | |
| ૧૯ | અવસાનના કિસ્સામાં અવસાન તારીખ | | |
| ૨૦ | વયનિવૃતિના કિસ્સામાં વયનિવૃતિ તારીખ | | |
| ૨૧ | સેવાકાળ દરમિયાન સેવતુટ થયેલ હોય તો સેવાતુટ જોડાણ કરાવ્યાના આદેશની નકલ | | |

<u>બાંહેધરી :</u> સરકારશ્રીના નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ થી નિયત કરવામાં આવેલ જોગવાઈ મુજબ સદર કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી રેકર્ડ પરથી ખરાઈ કરેલ છે જે સાચી અને બરાબર માલૂમ પડેલ છે. મજકુર કર્મચારી જુની પેન્શન યોજનામાં સમાવેશ કરવા માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવે છે. જેની જાતે ખરાઈ કરેલ છે.

ઉક્ત ચેકલિસ્ટ મુજબના ક્રમાંક : ૦૧ થી ૨૧ મુદ્દા પૈકી લાગુ પડતા મુદ્દાઓના તમામ આધાર પુરાવા સામેલ રાખેલ છે. જે પ્રમાણિત કરવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો

# પરિશિષ્ટ – ૧

## નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જૂની પેન્શન યોજના માટેની પાત્રતા ધરાવતાં કર્મચારીઓની યાદી

જિ.શિ.અ. કચેરીનું નામ : સુરત

| અનુક્રમ નંબર | મૂળ ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | હાલની શાળા | મૂળ નિમણૂંક તારીખ | મૂળ હાજર તારીખ | હાલની સેવામાં નિમણૂંક તારીખ | હાલની સેવામાં હાજર તારીખ | પ્રથમ સેવામાંથી ફરજ મુક્ત થઈ/ ટેકનિકલ રાજીનામું આપી અન્ય સેવામાં નિયમિત નિમણૂંક થયેલ હોય તો નાણાં વિભાગની સંમતિથી સેવા જોડાણ થયેલ છે ? (હા/ના) | NPS PRAN NO. (12 DIGIT) | NPS PPAN NO. (16 DIGIT) | તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની કઈ જોગવાઈ મુજબ લાભ મળવાપાત્ર થાય છે ? ૧(અ)/૧(બ)/૧(ક)(૧)/ ૧(ક)(૨) | નિમણૂંક બાબતે કોઈ કોર્ટ કેસ ચાલુ/ પડતર હોય તો તેની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 1 | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | | |

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

## બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા. શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે રૂબરૂ કેમ્પમાં રજૂ કરવાની થતી દરખાસ્તો તૈયાર કરવા અંગેની સૂચનાઓ

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ નીચે મુજબ લાગુ પડતા અલગ અલગ કિસ્સાઓમાં તેની સામે દર્શાવ્યા મુજબની વિગતે કર્મચારીવાઈઝ અલગ અલગ ચેકલિસ્ટ તૈયાર કરવાનું રહેશે તથા વિગતોના સમર્થનમાં નીચે મુજબની સૂચનાઓ મુજબના આધારોની સ્વચ્છ અને પ્રમાણિત નકલ તથા પેજ નંબર આપવાના રહેશે.

| ક્રમ | લાગુ પડતી જોગવાઈ | લાગુ પડતું ચેકલીસ્ટ |
|---|---|---|
| ૩ | જોગવાઈ ૧(ક)(૨)<br><br>૦૧ (ક) (૨); તેમજ ઉક્ત ક્રમ ૦૧ તથા ૦૨ માં સુચવેલ કર્મચારીઓ પૈકી જેઓ સીધી ભરતીથી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય અને જેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવામાં આવેલ હોય. (પ્રથમ નિમણૂંકમાંથી ફરજમુક્ત અથવા ટેકનિકલ કારણોથી રાજીનામું આપી અન્ય સંવર્ગમાં નિમણૂંક પામેલ હોઇ તેવા કેસો) | ચેકલિસ્ટ-૩ |

ખાસ નોંધ:- (૧) ચેકલીસ્ટ-૩માં ક્રમ નં.૧૮ની વિગતમાં સેવા જોડાણના આદેશનો નંબર અને તારીખ દર્શાવવાની રહેશે. (તેમજ કૌસમાં સેવા જોડાણના આદેશમાં જે કર્મચારીનો ક્રમ નંબર દર્શાવેલ છે. તે ક્રમ નંબર લખવો.)

(૨) આચાર્યશ્રી અને જૂના શિક્ષકનાં કેસોમાં સેવા જોડાણના આદેશની (√ રાઈટ ટીક વાળી નકલ) સામેલ રાખવી અને આ નકલમાં દરખાસ્ત હેઠળનાં સંબધિત કર્મચારીનાં નામને હાઈલાઈટ કરવાનું રહેશે. બાકી રાબેતા મુજબની સૂચનાઓ નીચે મુજબની ધ્યાને લેવાની રહેશે.

## આધારો માટેની સૂચના

૧) કર્મચારીનું પુરૂ નામ અને હોદ્દો: કૌષ્ટકમાં સેવાપોથી મુજબ લખવાનું રહેશે તથા તેના સમર્થનમાં કર્મચારીના નામ અને હોદ્દાની વિગત દર્શાવતાં સેવાપોથીના પાનાની પ્રમાણિત નકલ રજૂ કરવી.

૨) જુની પેન્શન યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ: (૧) જૂની પેન્શન યોજનામાં જોડાવવા માટેની કર્મચારીની અરજી (અસલ) તથા (૨) નિયત થયેલ ફોર્મ-A મુજબ વિકલ્પ અસલ કોપી (અસલ) તથા (૩) વિકલ્પની સેવાપોથીમાં કરેલ નોંધની પ્રમાણિત નકલ રજૂ કરવી. તા.૧૬/૦૪/૨૦૨૫ થી ત્રણ માસમાં વિકલ્પ લીધેલો હોવો જોઇએ.તેમજ વિકલ્પ ફોર્મ-A, અરજી, અને સેવાપોથીમાં નોંધની તારીખો સરખી હોવી જોઈએ. કર્મચારીની સહી ફરજીયાત હોવી જોઇએ.

૩) કર્મચારીનો એમ્પ્લોયમેન્ટ નંબર: કૌષ્ટકમાં નંબર લખવો તથા ફાળવવામાં આવેલ એમ્પલોયમેન્ટ નંબરના પત્રની પ્રમાણિત નકલ રજૂ કરવી. જો ન હોય તો છેલ્લા માસના જે તે કર્મચારીના પગાર ડેટાનું પેજ મુકવાનું રહેશે. અંતે કર્મચારીનુ નામ અને એમ્પ્લોયમેન્ટ નંબર હાઇલાઇટ કરવાનું રહેશે.

૪) જન્મ તારીખ: કૌષ્ટકમાં જન્મ તારીખ લખવી તથા જન્મ તારીખની વિગત દર્શાવતાં સેવાપોથીના પેજની પ્રમાણિત નકલ રજૂ કરવી.

૫) ખરેખર (મૂળ) નિવૃતિ તારીખ : ચેકલીસ્ટમાં ખરેખર નિવૃત્તિ તારીખ એટલે કે, જે માસમાં જન્મ હોય તે માસનો છેલ્લો દિવસ અને વર્ષમાં ૫૮ વર્ષ ઉમેરીને હોવી જોઈએ. દાત. જન્મ તારીખ :- ૧૪/૦૪/૧૯૯૪ હોય તો એપ્રિલ

માસનો છેલ્લો દીવસ એટલે ૩૦, એપ્રિલ, અને વર્ષ ૧૯૯૪+૫૮ = ૨૦૫૨ એટલે તા.૩૦/૦૪/૨૦૫૨ ખરેખર નિવૃત્તિ તારીખ થશે. જે સેવાપોથીના પ્રથમ પેજમાં લખવાની રહેશે. અને સેવાપોથીના પ્રથમ પેજની પ્રમાનિત નકલ રજૂ કરવાની રહેશે.

૬) સત્રાંત નિવૃતિ તારીખ : ચેકલીસ્ટમાં સત્રાંત નિવૃત્તિ તારીખ એટલે કે, જે માસમાં જન્મ થયો હોય તેના પછી આવતા મે અથવા ઓક્ટોમ્બર માસની છેલ્લી તારીખ અને વર્ષમાં ૫૮ વર્ષ ઉમેરીને લખવી દા.ત જન્મ તારીખ :- ૧૪/૦૪/૧૯૯૪ હોય તો એપ્રિલ માસની પછી આવતો મે માસની છેલ્લી તારીખ એટલે ૩૧, મે, અને વર્ષ- ૧૯૯૪+૫૮ =૨૦૫૨ એટલે તા.૩૧/૦૫/૨૦૫૨ સત્રાંત તારીખ થશે. જે સેવાપોથીના પ્રથમ પેજમાં લખવાની રહેશે. અને સેવાપોથીના પ્રથમ પેજની પ્રમાનિત નકલ રજૂ કરવાની રહેશે.

૭) હાલની શાળાનું નામ અને સરનામાની: નવી સેવાપોથી બનાવી હોય તો પ્રથમ પેજમાં શાળાનું નામ હોય તે પેજ મુકવુ અથવા હાજર થયા અંગેની સેવાપોથીના નોંધનુ પેજ મુકવું.

૮) હાલની શાળાનો વિભાગ: કૌષ્ટકમાં માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક વિભાગ લખવો.

૯) હાલની શાળાનો ડી.પી.કોડ નં: કૌષ્ટકમાં શાળાનો ડી.પી.કોડ નંબર લખવો. છેલ્લા પગાર ડેટાના પેજ ની પ્રમાણિત નકલ મુકવી

૧૦) મુળ/પ્રથમ શાળાનું નામ અને સરનામું:- પ્રથમ શાળાના સેવાપોથીના પેજની પ્રમાણિત નકલ જેમા સેવાપોથીમાં શાળાનું નામ અને સરનામુ આપેલ હોય તે રજુ કરવુ. સેવાપોથી મુજબ ચેકલીસ્ટમાં શાળાનું નામ અને સરનામુ લખવું.

૧૧) પ્રથમ નિમણૂંકની એન.ઓ.સી.આપ્યા તારીખ: કૌષ્ટકમાં તારીખ લખવાની રહેશે તથા જિ.શિ.અ. દ્વારા આપવામાં આવેલ એન.ઓ.સી.ની પ્રમાણિત નકલ રજૂ કરવી. તથા જો એક કરતાં વધુ જગ્યાની એન.ઓ.સી. હોય તો જે તે કર્મચારીને લાગુ પડતી જગ્યાને એન.ઓ.સી. માં સ્પષ્ટ રીતે માર્ક કરવાની રહેશે. તારીખ હમેશા છેલ્લી હોય તે લખવી એટલે કે જો બે તારીખો લખેલ હોય અને એક તારીખ નીચે બીજી તારીખ લખેલ હોય તો નીચેની તારીખ લખવી.

૧૨) પ્રથમ નિમણૂંકની કામચલાઉ બહાલી આપ્યા તારીખ: કૌષ્ટકમાં તારીખ લખવાની રહેશે. તથા કામચલાઉ બહાલી અંગેના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

૧૩) પ્રથમ નિમણૂંકની તારીખ: કૌષ્ટકમાં તારીખ લખવાની રહેશે. તથા (૧) નિમણૂંક હુકમની પ્રમાણિત નકલ અને (૨) હાજર થયા અંગેનો રીપોર્ટ પ્રમાણિત નકલ (૩) તેના સમર્થનમાં હાજર થયા અંગેની સેવાપોથીમાં કરેલ નોંધની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

૧૪) પ્રથમ નિમણૂંકની કાયમી બહાલી આપ્યા તારીખ: કૌષ્ટકમાં તારીખ લખવાની રહેશે. તથા કાયમી બહાલી અંગેના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી. કાયમી બહાલી કમિશનર શાળાઓની કચેરીની મુકવાની રહેશે. તેની જ તારીખ લખવાની રહેશે.

૧૫) નિયમિત નિમણુંક/પુરાપગારમાં સમાવ્યા તારીખ: કૌષ્ટકમાં તારીખ લખવાની રહેશે. તથા નિયમિત નિમણૂંક/પુરા પગારમાં સમાવ્યા અંગેના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી. તેમજ સેવાપોથીના નોંધનું પ્રમાણિત પેજની નકલ મુકવાની રહેશે. (ખાસ ધ્યાન રાખવું પુરાપગાર/નિયમિત નિમણૂંક/મુળ સંવર્ગમાં સમાવ્યાની તારીખ જ લખવી.)

૧૬) NPS PRAN NO. (12 Digit) તથા NPS PPAN NO. (16 Digit) :- કોષ્ટકમાં નંબર લખવાના રહેશે. તથા ફાળવવામાં આવેલ NPS PRAN NO ( 12 DIGIT) તથા **NPS PPAN NO. (16 Digit)**નાં આધારો સામેલ રાખવા.

૧૭) પ્રથમ સેવામાંથી ફરજ મુક્ત થઈ /ટેકનિકલ કારણોથી રાજીનામું આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો તેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવા અંગેના હુકમની વિગત :- આચાર્ય અને જૂના શિક્ષકના સેવા જોડાણ અંગેના આદેશ ક્રમાંક અને તારીખ ચેકલીસ્ટ માં લખવાની રહેશે. તેમજ આદેશની પ્રમાણિત નકલ અને સેવાપોથીમાં સેવા જોડાણ અંગેની નોંધની પ્રમાણિત નકલ મુકવાની રહેશે.

૧૮) અવસાનના કિસ્સામાં અવસાનની તારીખ: કોષ્ટકમાં અવસાનની તારીખ લખવાની રહેશે. તથા કર્મચારીનું

નિવૃતિ બાદ અવસાન થયેલ હોય તો (૧) અવસાન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને (૨) નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી નિયત કરેલ પત્રક – ગ (બાંહેધરી પત્રક-૨) રજૂ કરવું. જો લાગુ પડતું ન હોય તો " લાગુ પડતું નથી." તેમ લખવું.

૧૯) વયનિવૃત્તિના કિસ્સામાં વયનિવૃત્તિ તારીખ: કોષ્ટકમાં વયનિવૃત્તિ તારીખ લખવાની રહેશે. તથા (૧) પી.પી.ઓ. ની પ્રમાણિત નકલ અને (૨) નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી નિયત કરેલ પત્રક-ગ (બાંહેધરી પત્રક- ૧) રજૂ કરવું. જો લાગુ પડતું ન હોય તો " લાગુ પડતું નથી." તેમ લખવું.

૨૦) સેવાકાળ દરમિયાન સેવાતુટ થયેલ હોય તો સેવાતુટ જોડાણ કરાવ્યાના આદેશની નકલ: જો કર્મચારીની સમગ્ર સેવાકાળ દરમિયાન કોઈપણ કારણોસર (ફાજલ કે અન્ય કોઈ કારણોસર) સેવાતુટ થયેલ હોય તો સદર સેવાતુટ જોડાણ કરાવ્યાના સક્ષમ સત્તાધિકારીના આદેશની પ્રમાણિત નકલ રજુ કરવી. અને જો સમગ્ર સેવા દરમિયાન સેવાતૂટ થયેલ ન હોય તો ચેકલિસ્ટમાં સદર કોલમમાં "સમગ્ર સેવા દરમિયાન કોઈપણ પ્રકારની સેવાતુટ થયેલ નથી" તેમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે.

૨૧) ચેકલિસ્ટમાં જણાવેલ પરીશિષ્ટ-૧ની યાદી મુજબનો ક્રમ નંબરની ખાલી જગ્યામાં કોઈપણ ક્રમ નંબર આપવાનો નથી. તે અત્રેની કચેરી કક્ષાએથી ભરવામાં આવશે.

૨૨) દરખાસ્તના તમામ આધારો તથા ચેકલિસ્ટમાં ડાબી બાજુ નીચેની સાઈડ જુના શિક્ષકના કિસ્સામાં આચાર્યના સહિ/સિક્કા અને આચાર્યના કિસ્સામાં મંડળના પ્રમુખના સહિ/સિક્કા કરી પ્રમાણિત કરવાના રહેશે.

૨૩) દરખાસ્ત કુલ-૨ (બે) ફાઈલમાં કર્મચારીવાઈઝ ફરજીયાત અલગ-અલગ જ રજુ કરવાની રહેશે.

૨૪) જો આપની કક્ષાએથી પુરતી ચકાસણી કર્યા વિના કોઈ કર્મચારીની વિસંગતતા/ભૂલ ભરેલ માહિતી/ ખોટી માહિતી કે ખોટા આધારો રજૂ થવાના કારણે આ બાબતે ભવિષ્યમાં કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિસંગતતા/ભૂલ ભરેલ/ ખોટી માહિતી/આધારો રજૂ કરનાર આચાર્યની રહેશે. જેથી વાંધાઓ જણાય અથવા સાધનિક કાગળો અપૂરતા જણાય તેવા કેસો કેમ્પમાં રજૂ ન થાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે.

૨૫) કેમ્પમાં આચાર્ય તથા સાથે જાણકાર કર્મચારી સાથે રૂબરૂ ઉપસ્થિત રહી જરૂરી રેકર્ડ ઉપલબ્ધ કરાવી કેમ્પ દરમિયાન જરૂરી કામગીરી કરવાની રહેશે.

૨૬) નિયત ચેકલીસ્ટ મુજબની દરખાસ્તો તૈયાર કરતી વખતે ઉક્ત સૂચનાઓ પૈકી લાગુ પડતી તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. ભુલભરેલી, અધુરી કે ચેકચાક કરેલી કે આધારો સ્પષ્ટ વાંચી ના શકાય તેવી કોઈપણ દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં. જેની નોંધ લેવી.

૨૭) ચેકલીસ્ટમાં કોઈપણ વાઈટનર, ચેકચાક, કે પેનથી ન ભરતા નવેસરથી ક્ષતિરહિત વિગતો સાથે ચેકલીસ્ટ ભરીને રજૂ કરવું. તેમજ તમામ આધારો સ્પષ્ટ વંચાય તેવા રજૂ કરવાના રહેશે. તેમજ આધારો આગળ પાછળ હોય તો ફરજીયાત આગળ પાછળ જ પ્રિન્ટ કાઢવાની રહેશે. તેમજ ચેકલીસ્ટ એકપેજથી વધી જાય તો હંમેશા આગળ-પાછળ પ્રિન્ટ કાઢવાની રહેશે.

પરિશિષ્ટ-૧ અને ચેકલિસ્ટમાં વિગતો ગુજરાતી ફોન્ટ શ્રુતિમાં તથા આંકડાકીય(અંગ્રેજી) તથા તારીખો અંગ્રેજી(**DD/MM/YYYY**)ની માહિતી અંગ્રેજી ફોન્ટ **Arial** માં ફોન્ટસાઈઝ 11માં તૈયાર કરી અચૂક સાથે લાવવાનીરહેશે.

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર ૧૯, ગાંધીનગર,
તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:**

(૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪.

(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫.

(૩) શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક: SSN–3470–41845–G, તા.૨૧/૧૨/૧૯૭૧.

(૪) શિક્ષણ વિભાગના Letter No: ED/0061/01/2026 Approved Date: 01-01-2026.

(૫) શિક્ષણ વિભાગના Letter No: ED/0408/01/2026 Approved Date: 13-01-2026.

(૬) અત્રેની કચેરીના Letter No: COS/0304/02/2026 Approved Date: 11-02-2026.

(૭) અત્રેની કચેરીના Letter No: COS/0447/04/2026 Approved Date: 23-04-2026.

(૮) અત્રેની કચેરીના Letter No: COS/0301/05/2026 Approved Date: 12-05-2026.

(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત દ્વારા તા.૧૪/૦૫/૨૦૨૬ અને તા.૦૨/૦૬/૨૦૨૬ના રોજ કેમ્પમાં રજુ કરેલ દરખાસ્તો.

**કચેરી આદેશ:**

નાણા વિભાગના આમુખ-(૨)ના ઠારવની ૩. ગ. ની જોગવાઈ નીચે મુજબ છે.

*"તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના ફકરા-૧ મુદ્દા (અ), (બ) અને (ક) (૧) મુજબના જે અધિકારી/કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત થઈટેકનીકલ કારણોથી રાજીનામું આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તેવા કેસોમાં સંબંધિત કચેરીએ અધિકારી/કર્મચારીની સેવા સળંગ કરવા અને તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના લાભો આપવા અંગેના કેસોમાં સંબધિત વિભાગ મારફત વિભાગના વડાએ અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પૂરતી ચકાસણી કર્યા બાદ જ નાણા વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. નાણા વિભાગ દ્વારા સેવા સળંગ અને જૂની પેન્શન યોજનામાં જોડાવાની મંજૂરી આપ્યા બાદ વહીવટી વિભાગ દ્વારા વિગતવાર હુકમ કરવાના રહેશે તેમા ઉક્ત હુકમ નાણા વિભાગની મંજૂરીથી કરવામાં આવેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે."*

ઉક્ત જોગવાઈ અનુસંધાને સેવા જોડાણની કાર્યવાહી માટે અત્રેની કચેરી દ્વારા શિક્ષણ વિભાગ પાસેથી માર્ગદર્શન/સ્પષ્ટતા માંગેલ હતી. જેના અનુસંધાને શિક્ષણ વિભાગ દ્વારા આમુખ-(૫)ના પત્રથી નીચે મુજબ માર્ગદર્શન/સ્પષ્ટતા આપેલ.

*"મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ કર્મચારીઓના કેસોમાં શિક્ષણ અને લેબર વિભાગના તા.૨૧/૧૨/૧૯૭૧ના ઠરાવની નિયત થયેલ કાર્યપધ્ધતિ ધ્યાને લેતાં, હાલમાં જુની પેન્શન યોજનાનો લાભ આપવા માટે સેવા સળંગ કરવા બાબતે નાણા વિભાગની અલગથી મંજુરી મેળવવાની રહેતી નથી. વધુમાં નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવમાં સરકારશ્રીની મંજૂરી મુજબ નિયત થયેલ કાર્યપધ્ધતિ મુજબ આપની કક્ષાએથી જ નિયમોનુસારની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવાની રહેશે."*

જે અન્વયે સેવા જોડાણ માટે ચેકલિસ્ટ, પત્રક, બાંહેધરી પત્રક અને પ્રમાણપત્રોના નમુના નક્કી કરી અત્રેની કચેરીના આમુખ-(૬)ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે

સાધી ભરતીથી નિમણૂક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણ દરખાસ્તો તૈયાર કરવા માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીઓને જણાવેલ હતુ.

જે મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત દ્વારા અત્રેની કચેરી ખાતે આયોજિત રૂબરૂ કેમ્પ દરમિયાન નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણ માટે નિયત કરેલ ચેકલીસ્ટ, પત્રક, બાંહેધરી પત્ર, પ્રમાણપત્રો અને જરૂરી આધારો સાથે દરખાસ્ત રજુ કરેલ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત દ્વારા જિલ્લા હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓની રજુ કરેલ દરખાસ્ત અને સેવાકીય વિગતો અન્વયે નીચે કોષ્ટકમાં કોલમ-(૨)માં દર્શાવેલ કર્મચારીઓની તેઓના નામની સામે કોલમ-(૫) માં દર્શાવેલ સેવાને માત્ર જુની પેન્શન યોજનાના હેતુ માટે સળંગ ગણવા માટે આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હાલનો હોદ્દો/નિવૃતિ સમયનો હોદ્દો | હાલની/નિવૃતિ સમયની શાળાનું નામ | સેવા સળંગ ગણવાનો સમયગાળો અને વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઢગલ નારણભાઈ નાજાભાઈ | મદદનીશ શિક્ષક | સરસ્વતી વિદ્યાલય અશ્વનીકુમાર, એ.કે.રોડ, સુરત. | 1 . તા.14-03-2001 થી તા.13-03-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.14-03-2006 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૨ | પટેલ મમતાબહેન નાથાભાઈ | મદદનીશ શિક્ષક | પી.એમ.ભગત માધ્યમિક શાળા, ગોતાલાવાડી, કતારગામ, સુરત. | 1 . તા.09-04-2005 થી તા.08-04-2010 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.09-04-2010 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૩ | રાઠોડ રમેશભાઈ ઈશ્વરભાઈ | મદદનીશ શિક્ષક | શ્રી વી.એસ.પટેલ હાઇસ્કૂલ, કોસંબા, તા-માંગરોળ, સુરત. | 1 . તા.10-06-2002 થી તા.09-06-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.10-06-2007 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૪ | ગામીત પ્રજ્ઞાકુમારી પુનમચંદ | મદદનીશ શિક્ષક | વનરાજ હાઇસ્કૂલ, તા-ઉમરપાડા, સુરત. | 1 . તા.23-12-2003 થી તા.22-02-2009 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.23-02-2009 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૫ | ચૌધરી મીતાબેન છીતુભાઈ | મદદનીશ શિક્ષક | મો.ક.પટેલ માધ્યમિક શાળા, મઢી, તા-બારડોલી, સુરત. | 1 . તા.08-07-2002 થી તા.07-07-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.08-07-2007 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૬ | સિંહલ ગૌતમભાઈ લલ્લુભાઈ | મદદનીશ શિક્ષક | શ્રી વી.એસ.પટેલ હાઇસ્કૂલ, કોસંબા, તા-માંગરોળ,સુરત. | 1 . તા.02-09-2002 થી તા.01-09-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.02-09-2007 થી તા.25-08-2008 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.26-08-2008 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ગામીત નવિનભાઈ મગનભાઈ | મદદનીશ શિક્ષક | શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ, વાંકલ, તા-માંગરોળ, સુરત. | 1 . તા.11-04-2002 થી તા.20-08-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.21-08-2007 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૮ | આહિર પિયુષકુમાર નાનજીભાઈ | મદદનીશ શિક્ષક | શેઠશ્રી પી.એચ.બચકાણીવાળા વિદ્યામંદિર, ખરવરનગર ખટોદરા, સુરત. | 1 . તા.19-10-2001 થી તા.18-10-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.19-10-2006 થી તા.08-10-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.09-10-2007 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૯ | લાડાણી પરેશકુમાર થોભણભાઈ | મદદનીશ શિક્ષક | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, સુરત. | 1 . તા.10-02-2005 થી તા.11-03-2010 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.12-03-2010 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૦ | ગોહિલ હર્ષદકુમાર ઉત્તમભાઈ | મદદનીશ શિક્ષક | શ્રી પી.કે.દેસાઈ વિદ્યાલય, કીમ, તા-ઓલપાડ, સુરત. | 1 . તા.03-07-2000 થી તા.02-07-2005 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.03-07-2005 થી તા.25-09-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.26-09-2006 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૧ | સખિયા હંસાબેન ભીખાભાઈ | મદદનીશ શિક્ષક | સુરત ડાયમંડ એસો. ગર્લ્સ હાઈસ્કૂલ, વરાછા રોડ, સુરત. | 1 . તા.01-08-2000 થી તા.02-11-2005 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.03-11-2005 થી તા.24-07-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.25-07-2006 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૨ | માહલા શાંતાબેન છગનભાઈ | મદદનીશ શિક્ષક | શ્રીમતી એલ.પી.ડી.પટેલ સાર્વજનિક વિદ્યાલય, પુણાગામ, સુરત. | 1 . તા.11-04-2001 થી તા.20-05-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.21-05-2006 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૩ | ટેલર ભારતીબેન ડાહ્યાભાઈ | મદદનીશ શિક્ષક | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, સુરત. | 1 . તા.01-08-2000 થી તા.31-07-2005 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.01-08-2005 થી તા.25-07-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.26-07-2007 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૪ | પટેલ ધર્મેશભાઈ ભાણાભાઈ | મદદનીશ શિક્ષક | ર.ન.નાયક હાઈસ્કૂલ, ઉધના, સુરત. | 1 . તા.22-10-2001 થી તા.21-10-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.22-10-2006 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૧૫ | ચૌધરી નીતાબેન સન્મુખલાલ | મદદનીશ શિક્ષક | ભૂ.ભી.સાર્વજનિક હાઈસ્કૂલ, કરચેલીઆ, તા-મહુવા, સુરત. | 1 . તા.25-09-2001 થી તા.24-09-2006 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.25-09-2006 થી તા.01-08-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.02-08-2007 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |

File No: COS/NKJ/e-file/276/2026/1527/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ચૌધરી મીનાક્ષીબેન હીરાભાઇ | મદદનીશ શિક્ષક | શ્રી કે.એલ.પટેલ અને વી.એમ.એમ.સાર્વજનિક હાઇસ્કૂલ, અનાવલ, તા-મહુવા, સુરત. | 1 . તા.23-02-2004 થી તા.22-02-2009 સુધીની બિન સરક અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3)(ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.23-02-2009 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૧૭ | વડછક હસમુખ લાભુભાઇ | મદદનીશ શિક્ષક | કે.એન્ડ.એમ.પી.પટેલ સાર્વજનિક વિધાલય, અમરોલી, સુરત. | 1 . તા.01-01-2003 થી તા.31-12-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3)(ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.01-01-2008 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૧૮ | સિસ્ટર બિંદુ બી | આચાર્ય | લુર્ડ્ઝ કોન્વેન્ટ હાઇસ્કૂલ, અઠવાલાઇન્સ, સુરત | 1 . તા.10-06-2002 થી તા.29-07-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા. 2 . તા.30-07-2007 થી તા.11-08-2012 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.13-08-2012 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે (તા.12-08-2012 ના રોજ રવિવારની જાહેર રજા) |
| ૧૯ | ટંડેલ જીતેન્દ્રકુમાર જીવણભાઈ | આચાર્ય | વ.દે.ગલિયારા વિધાલય, કઠોર, સુરત. | 1 . તા.25-01-2002 થી તા.28-01-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.29-01-2007 થી તા.31-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.01-08-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૦ | મોદી પારસકુમાર જગદીશચંદ્ર | આચાર્ય | શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલ, વાંકલ, સુરત. | 1 . તા.20-11-2003 થી તા.19-11-2008 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.20-11-2008 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૧ | પટેલ શૈલેષકુમાર ચંદુલાલ | આચાર્ય | બાબા ઉત્તર બુનિયાદી વિધાલય, આંબાપારડી, તા-માંડવી, સુરત. | 1 . તા.29-11-2001 થી તા.28-11-2006 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.29-11-2006 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૨ | ચૌધરી ગિરીશભાઈ કાંતાભાઈ | આચાર્ય | પટેલ રમણભાઈ સાર્વજનિક વિધાલય, ઓરણા, બારડોલી, સુરત. | 1 . તા.14-02-2005 થી તા.13-02-2010 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.14-02-2010 થી તા.17-08-2023 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.18-08-2023 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૩ | ઠાકરે પ્રશાંત ભિલાજીરાવ | આચાર્ય | સ્વ.બાપુસાહેબ અનિલ ઉત્તમરાવ પાટીલ સાર્વજનિક હાઇસ્કૂલ, લિંબાયત,સુરત. | 1 . તા.18-11-2002 થી તા.17-11-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.18-11-2007 થી તા.14-10-2015 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.15-10-2015 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૪ | પટેલ શૈલેન્દ્રકુમાર નગીનભાઈ | આચાર્ય | નવજીવન વિધાલય, કરંજ, સુરત. | 1 . તા.01-11-2001 થી તા.31-10-2006 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા 2 . તા.01-11-2006 થી તા.21-08-2023 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.22-08-2023 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | પટેલ પંકજકુમાર નટવરલાલ | આચાર્ય | શ્રી ઝેડ એમ પટેલ વિદ્યાલય, લવાછા, સુરત. | 1 . તા.04-02-2004 થી તા.03-02-2009 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.04-02-2009 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૬ | પટેલ રાજેશકુમાર દોલતભાઈ | આચાર્ય | શાંતિનિકેતન વિદ્યાવિહાર, પાલનપુર પાટિયા, સુરત. | 1 . તા.24-12-2003 થી તા.23-12-2008 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-12-2008 થી તા.17-08-2023 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.18-08-2023 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૭ | મૈસુરીયા મુકેશકુમાર પરસોત્તમભાઈ | આચાર્ય | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, રાણત, સુરત. | 1 . તા.09-04-2001 થી તા.08-04-2006 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2.તા.09-04-2006 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૮ | પરમાર જયેશકુમાર છત્રસિંહ | આચાર્ય | મહર્ષિ આસ્તિક સાર્વજનિક હાઈસ્કૂલ ગોડાદરા, સુરત. | 1 . તા.12-06-2000 થી તા.11-06-2005 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.12-06-2005 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૨૯ | ટંડેલ ગિરિધર હરિભાઈ | આચાર્ય | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, અમલસાડી, તા-પલસાણા, સુરત. | 1 . તા.01-09-2001 થી તા.31-08-2006 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.01-09-2006 થી તા.13-11-2009 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.14-11-2009 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૩૦ | પટેલ સતિષભાઈ ભગુભાઈ | આચાર્ય | નવચેતન વિદ્યાલય, જુનાગામ, સુરત. | 1 . તા.01-08-2000 થી તા.31-07-2005 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.01-08-2005 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૩૧ | સોલંકી સુચિતા હરિશકુમાર | આચાર્ય | એમ.ટી.જરીવાલા માધ્યમિક શાળા, અઠવાલાઈન્સ, સુરત. | 1 . તા.24-02-2005 થી તા.23-02-2010 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-02-2010 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |
| ૩૨ | ગાબાણી હિતેશકુમાર રામજીભાઈ | આચાર્ય | અખંડ આનંદ વિદ્યાભવન મા.અને ઉ.મા. શાળા,વેડ રોડ, સુરત. | 1 . તા.10-01-2001 થી તા.09-01-2006 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-3) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.10-01-2006 થી તા.03-02-2015 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-3) તરીકેની સેવા અને<br>3 . તા 04-02-2015 થી તા.31-08-2023 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવાને હાલની તા.01-09-2023 થી આજદિન સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-3) તરીકેની સેવા સાથે |

પ્રસ્તુત બાબતની નોંધ સંબંધિત કર્મચારીશ્રીની સેવાપોથીમાં કરવાની રહેશે.

નોંધ પર માન. કમિશનરશ્રીની મળેલ મંજુરી અન્વયે

File No: COS/NKJ/e-file/276/2026/1527/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧.

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૩/સેવા જોડાણ આદેશ/૨૦૨૬/ તા. /૦૭/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
યાદી મુજબની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ-સુરત.

**<u>વિષય :</u>** આચાર્યશ્રી અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્ત મંજુર થયેલ યાદીની જાણ કરવા બાબત.

**<u>સંદર્ભ :</u>** નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક), ગાંધીનગરનાં પત્ર ક્રમાંક :- cos/0236/07/2026, તારીખ:-09/07/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્યશ્રી અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્ત મંજુર થયેલ કર્મચારીઓની સેવા સળંગ ગણવાનો આદેશ ઉકત સંદર્ભથી કરવામાં આવેલ છે. જેની યાદી આ સાથે સામેલ છે. જે યાદીમાં દર્શાવેલ કર્મચારીઓને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે. જેની નોંધ લેશો.

<u>બિડાણ:-</u> ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.


*Signature Not Verified*

*Signed by:Dr. Bhagirathsinh S. Parmar*
*District Education Officer*
*Date:2026.07.10 16:46:21 +5:30*


File No: DEOSURT/GIAESTA/e-file/3872/2026/0172/Ma-3
Approved By: District Education Officer,Inspection,DEOSURT

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**FileNo.-** COS/NKJ/e-file/276/2026/1527/SECONDARY/pen-1

કમિશનર શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,

સેકટર ૧૯, ગાંધીનગર,

તા.ઈ-સાઈન મુજબ.

<u>વંચાણે લીધા:</u>

(૧) નાણાં વિભાગના કરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪.

(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫.

(૩) શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક: SSN–3470–41845–G, તા.૨૧/૧૨/૧૯૭૧.

(૪) શિક્ષણ વિભાગના Letter No: ED/0061/01/2026 Approved Date: 01-01-2026.

(૫) શિક્ષણ વિભાગના Letter No: ED/0408/01/2026 Approved Date: 13-01-2026.

(૬) અત્રેની કચેરીના Letter No: COS/0304/02/2026 Approved Date: 11-02-2026.

(૭) અત્રેની કચેરીના Letter No: COS/0161/06/2026 Approved Date: 06-06-2026.

(૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **સુરત** દ્વારા તા.૧૮/૦૬/૨૦૨૬ના રોજ કેમ્પમાં રજુ કરેલ દરખાસ્તો.

<u>કચેરી આદેશ:</u>

નાણા વિભાગના આમુખ-(૨)ના ઠારવની ૩. ગ. ની જોગવાઈ નીચે મુજબ છે.

*"તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના ફકરા-૧ મુદ્દા (અ), (બ) અને (ક) (૧) મુજબના જે અધિકારી/કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત થઈટેકનીકલ કારણોથી રાજીનામું આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તેવા કેસોમાં સંબંધિત કચેરીએ અધિકારી/કર્મચારીની સેવા સળંગ કરવા અને તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવના લાભો આપવા અંગેના કેસોમાં સંબધિત વિભાગ મારફત વિભાગના વડાએ અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પૂરતી ચકાસણી કર્યા બાદ જ નાણા વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. નાણા વિભાગ દ્વારા સેવા સળંગ અને જૂની પેન્શન યોજનામાં જોડાવાની મંજૂરી આપ્યા બાદ વહીવટી વિભાગ દ્વારા વિગતવાર હુકમ કરવાના રહેશે તેમા ઉક્ત હુકમ નાણા વિભાગની મંજૂરીથી કરવામાં આવેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે."*

ઉક્ત જોગવાઈ અનુસંધાને સેવા જોડાણની કાર્યવાહી માટે અત્રેની કચેરી દ્વારા શિક્ષણ વિભાગ પાસેથી માર્ગદર્શન/સ્પષ્ટતા માંગેલ હતી. જેના અનુસંધાને શિક્ષણ વિભાગ દ્વારા આમુખ-(૫)ના પત્રથી નીચે મુજબ માર્ગદર્શન/સ્પષ્ટતા આપેલ.

*"મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ કર્મચારીઓના કેસોમાં શિક્ષણ અને લેબર વિભાગના તા.૨૧/૧૨/૧૯૭૧ના ઠરાવની નિયત થયેલ કાર્યપધ્ધતિ ધ્યાને લેતાં, હાલમાં જુની પેન્શન યોજનાનો લાભ આપવા માટે સેવા સળંગ કરવા બાબતે નાણા વિભાગની અલગથી મંજુરી મેળવવાની રહેતી નથી. વધુમાં નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવમાં સરકારશ્રીની મંજૂરી મુજબ નિયત થયેલ કાર્યપધ્ધતિ મુજબ આપની કક્ષાએથી જ નિયમોનુસારની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવાની રહેશે."*

જે અન્વયે સેવા જોડાણ માટે ચેકલિસ્ટ, પત્રક, બાંહેધરી પત્રક અને પ્રમાણપત્રોના નમુના નક્કી કરી અત્રેની કચેરીના આમુખ-(૬)ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ હોય અને નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણની

દરખાસ્તો તૈયાર કરવા માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીઓને જણાવેલ હતુ.

જે મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી **<u>સુરત</u>** દ્વારા અત્રેની કચેરી ખાતે આયોજિત રૂબરૂ કેમ્પ દરમિયાન નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણ માટે નિયત કરેલ ચેકલીસ્ટ, પત્રક, બાંહેધરી પત્ર, પ્રમાણપત્રો અને જરૂરી આધારો સાથે દરખાસ્ત રજુ કરેલ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી **<u>સુરત</u>** દ્વારા જિલ્લા હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓની રજુ કરેલ દરખાસ્ત અને સેવાકીય વિગતો અન્વયે નીચે કોષ્ટકમાં કોલમ-(૨)માં દર્શાવેલ કર્મચારીઓની તેઓના નામની સામે કોલમ-(૫) માં દર્શાવેલ સેવાને **<u>માત્ર જુની પેન્શન યોજનાના હેતુ માટે</u>** સળંગ ગણવા માટે આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હાલનો હોદ્દો/નિવૃતિ સમયનો હોદ્દો | હાલની/નિવૃતિ સમયની શાળાનું નામ | સેવા સળંગ ગણવાનો સમયગાળો અને વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સોલંકી જીતેન્દ્રસિંહ તખતસિંહ | મદદનીશ શિક્ષક | જાગૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, અરેઠ તા-માંડવી,સુરત. | 1 . તા.24-07-2000 થી તા.23-07-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-07-2005 થી તા.26-10-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.27-10-2007 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૨ | પટેલ ભારતીબેન મગનભાઈ | મદદનીશ શિક્ષક | એમ.ટી.જરીવાલા માધ્યમિક શાળા, અઠવાલાઈન્સ, સુરત. | 1 . તા.25-10-2002 થી તા.23-12-2007 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩)(ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.24-12-2007 થી તા.30-04-2025 સુધીની બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.01-05-2025 થી શરૂ થતી બિન સરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (જુના શિક્ષક) (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૩ | પટેલ પંકજકુમાર નાથુભાઈ | આચાર્ય | ઉત્તર બુનિયાદી વિદ્યાલય વિદ્યાવિહાર, બેડી ફળીયા મઢી, સુરત. | 1 . તા.18-04-2002 થી તા.17-04-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.18-04-2007 થી તા.17-10-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.18-10-2007 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |
| ૪ | વાંસદિયા જિજ્ઞાસાબહેન રાયસિંહ | આચાર્ય | જય શંકરદાદા હાઈસ્કુલ, વેલાછા, સુરત. | 1 . તા.21-10-2002 થી તા.20-10-2007 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં શિક્ષણ સહાયક (વર્ગ-૩) (ફિક્સ પગાર) તરીકેની સેવા<br>2 . તા.21-10-2007 થી તા.03-07-2019 સુધીની બિનસરકારી અનુદાનિત શાળામાં મદદનીશ શિક્ષક (વર્ગ-૩) તરીકેની સેવાને હાલની તા.04-07-2019 થી શરૂ થતી બિનસરકારી અનુદાનિત શાળામાં આચાર્ય (વર્ગ-૩) તરીકેની સેવા સાથે |

પ્રસ્તુત બાબતની નોંધ સંબંધિત કર્મચારીશ્રીની સેવાપોથીમાં કરવાની રહેશે.

Signature valid
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.07.09 17:34:07 IST

**નોંધ પર માન. કમિશનરશ્રીની મળેલ મંજુરી અન્વયે**

**ઈ-સાઈન**

**નાયબ શિક્ષણ નિયામક**

**માધ્યમિક**

**ગુ.રા.ગાંધીનગર**

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
- સંચાલકશ્રી/આચાર્યશ્રી, કોષ્ટક મુજબનાં કર્મચારીશ્રીઓની શાળાઓ.(જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે)
- કોષ્ટક મુજબનાં કર્મચારીશ્રીઓ (સંબંધિત શાળા મારફતે)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ગ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (જાણ સારૂ)
- શ્રેયાન અધિક્ષકશ્રી, પીએફ-૧ દફતર, સદર કચેરી.
- હુકમ ફાઈલે.

Signature valid

Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.07.09 17:34:07 IST